કેળના પાનની સાંઝી - નાથદ્વારા

ભાદરવા વદ અમાસ



કોટની સાંઝી



।। श्री हरि ।।

।। श्री बालकृष्ण प्रभु विजयते ।।

સાંઝી

પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા

ક્રમાંક - ૪૫

बींदाबंन

સંપાદક : શાહ રમેશચંદ્ર નાથાલાલ

એમ.એ., એલએલ.બી



ભાદરવા સુદ પુનમ


બહુલાવન
શાંતનુકુંડ

ભાદરવા વદ બીજ



ભાદરવા વદ પાંચમ


કુસુમ સરોવર
ચંદ્ર સરોવર

ભાદરવા વદ છઠ્ઠ

સાંઝી

રંગવલ્લી - રંગોની વેલ **અથવા લતા** એ દ્રાવિડભાષોમાં પ્રચલિત શબ્દ અપભ્રંશ થઈ આપણો રંગોળી, અને **મહારાષ્ટ્ર**નો રંગોલી શબ્દ બન્યો. બંગાલમાં રંગોળીને અલ્પના પણ કહે છે. દક્ષિણમાં એને કોલમ પણ કહે છે. ભારતના બધાજ રાજ્યોમાં જુદા જુદા નામે પ્રચલિત ઘર આંગણને શોભાવવાની આ કળાનો પણ આપણા આચાર્યોએ બીજી કળાઓની જેમ શ્રી ઠાકોરજીની સેવામાં વિનિયોગ કર્યો છે. વર્ષાકાળના ઉત્સવોમાં સાંઝીનું મહત્વ ઘણું છે. ભાદરવા સુદ પુનમથી ભાદરવા વદ અમાસના દિવસોમાં સાંઝીનો ઉત્સવ મનાય છે. કેટલાક માને છે કે સંસ્કૃત શબ્દ સજાવટ કે હિંદી શબ્દ સજ્જા ઉપરથી સાંઝી શબ્દ આવ્યો છે. કેટલાક માને છે કે સંધ્યાદેવીનું પૂજન થતું હોવાથી સાંજપૂજન કહેવાય છે; અથવા વ્રજવનિતાઓ સાંજે દેવીનું પૂજન કરતી હોવાથી આ ઉત્સવને સાંઝી કહેવાય છે. આ દિવસોમાં વ્રજની કુમારિકાઓ સંધ્યાદેવીની આરાધના કરે છે. પોતાના ઘર આંગણે જમીન ઉપર કે દિવાલ પર છાણ કે માટીનું લીંપણ કરી તેના પણ દેવીમાનું ચિત્ર દોરે છે. બીજા પણ સુંદર ચિત્રો દોરે છે. તેને ફૂલ, પાન, રંગો વિગેરેથી સજાવે છે. પછી તેનું પૂજન કરે છે. વ્રજવનિતાઓ આ રીત ચૌદ દિવસ પૂજન કરીને મહારાસમાં પ્રભુને પામ્યા હતાં. તેથીજ પ્રભુની પ્રાપ્તિના હેતુ માટે પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોના ભાવથી ચૌદ દિવસ સાંઝી પૂરીને અમાસને દિવસે કોટની સાંઝી પૂરી ઉત્સવનો વિરામ કહે છે.

શ્રી હરિરાયજી મહાપ્રભુજી અને શ્રી દ્વારકેશજી મહારાજ તેમજ અષ્ટસખાના ભગવદીયોએ સાંઝીની લીલાભાવના પ્રગટ કરતાં સુંદર કીર્તનોની રચના કરી છે. પ્રભુએ વ્રજમાં દાનલીલા, પનઘટલીલા, માખણચોરી, જેવી રસિક લીલામાં કરી વ્રજભક્તોને રસાનંદનું દાન કર્યું. તે રીતે સાંઝી લીલા દ્વારા પણ વ્રજૈંભક્તોને પોતાનું સંયોગસુખ આપી રસનું દાન કહે છે. વૃષભાનનંદિની રાધાજી, સખીઓ સાથે મળી આ દિવસોમાં સાંઝીનું પૂજન કરે છે. માતા કીર્તિરાણી રાધાજીને સુંદર વસ્ત્રોમાં સજ્જ કરી વિવિધ આભૂષણો ધરાવે છે. એટલામાં સખીઓ ટોળે વળી વૃષભાનજીના ઘરે આવી પહોચે છે.

સબ મિલ આઈ લાડિલી વૃષભાન નૃપતિ કે દ્વાર

શ્રી દ્વારકેશજી મહારાજ બાવન સખીઓના નામ આપી વર્ણન કહે છે. આ બધી સખીઓ સાથે રાધાજી વ્રજમાં સાંઝી માટે ફૂલ વીણવા પધારે છે. વનમાં વિવિધ પ્રકારના ફૂલ ખીલ્યા છે. જાઈ, જૂઈ, કરેણ, બકુલ, માલતી, ચંપો, વિગેરે. સખીઓ ફૂલ ચૂંટે છે. કોઈ ફૂલની ગેંદ બનાવે છે, મધુર ગીતો ગાતા એકબીજા સાથે મસ્તી મજાક કરે છે.

નવ સાંઝી



શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

રંગ કી સાંઝી

શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના



ભગવાન પણ વનમાં ગૌચારણ માટે પધાર્યા છે. ગોપબાળોને ગાયોનું ધ્યાન રાખવાનું કહી. જશોદાજીએ મોકલેલી છાક હજુ કેમ નથી આવી હું એની તપાસ કરું, એવું બહાનુ કરી, રાધાજી સખીઓ સાથે ફૂલ વીણતા હોય છે, ત્યાં પધારે છે. ઠાકોરજી ફૂલના દડાથી રમતા પધારે છે. દડો સખીઓની વચ્ચે જઈને પડે છે તે શોધવાનું બહાનું કરી ઠાકોરજી એમની વચ્ચે પહોંચી જાય છે. ભગવાન પૂછે છે

અરી તુમ કૌન હૌરી બનમે ફૂલવા બીનનહારી
યા બનમે હમ સદા બસત હૈ હમહી કરત રખવારી

લલિતાજી કહે છે, મહારાજ ! આ વૃષભાનનંદિની રાધાજી છે. અમો સાંઝી માટે ફૂલ વીણવા આવ્યા છીએ.

સાંઝીનું નામ પડતા શ્રી ઠાકોરજી કહે છે કે મને સાંઝી પૂરતા, ખૂબ સરસ આવડે છે. તમો કહો તો હું આજ તમને સુંદર સાંઝી દોરી આપ્યું.

લાલ કહ્યો મોકી આછી આવે દેખો મેરી રીતિ

બધી સખીઓને આ વાત ગમી. આજે નંદકુવર પાસેજ સાંઝી દોરાવીએ. પણ નંદકુવરને ઘરે લઈ જવા કેવી રીતે ? સાંઝીપૂજન તો સખીઓ કરે.

સબન કહ્યો કૈસે લે ચલિયે, એકન કહ્યો ઉપાય
પહિરાવો આભૂષણ સારી કરિયે સખી સજાય.

બધા વિચાર કરવા લાગ્યા, ત્યારે એક સખીએ ઉપાય બતાવ્યો. શ્યામસુંદરને શ્યામા સખી બનાવી દઈએ. સુંદર આભૂષણથી સજાવી દઈએ. શ્યામસખી નામ આપીશું એટલે કીર્તિરાણી ઓળખી નહિ શકે. આપણી સાથે આવી આપણને સુંદર સાંઝી દોરી આપશે. બધાએ વિવિધ રંગના ફૂલો ચૂંટી છાબડીઓ ભરી, કોઈએ માથે મૂકી, કોઈએ હાથમાં લીધી. સૌ એકબીજાનો હાથ પકડી ગાતા ગાતા ઘર તરફ વળ્યા.

કીર્તિજીને ખબર પહોંચ્યા. આરતી સાજીને દ્વાર ઉપર આવ્યાં. કુંવરીની સાથે અજાણી સખીને જોઈને પૂછે છે : લલી, આ તારી સાથે કોણ છે ? તમારી બંનેની જોડી બહુ સુંદર જામે છે.

મૈયા, આ શ્યામા છે. નંદગામથી આવી છે. એ સાંઝી ચીતરવામાં ખૂબ કુશળ છે. અમને એ સુંદર સાંઝી પાડી આપવાની છે એટલે એને હું મારી સાથે લઈ આવી છું.

કીર્તિજી કુંવરીને વાતથી હરખાયાં. આરતી કરી. બધાંને અંદર બોલાવ્યાં. આવો, બધાં સાથે મળીને સાંઝી પૂજન કરો.

સખીઓએ ગોબર, માટી, ચંદન મેળવીને જમીન ઉપર લીંપણ કર્યું. બાકીની સખીઓ આજુબાજુ ઊભી રહીને હાથમાં ગેંદ લઈ સાંઝી ગીતો ગાવા લાગી. શ્રીહરિરાય

મહાપ્રભુજી આ લીલાનાં દર્શન કરતાં ગાય છે :

મૃગમદ ચંદન કેસરસોં શ્યામાજુ લીપી ભીત ।
કામધેનું કે ગોબરસોં, રચિ સાંઝી ફૂલન ચીત ।।

શ્રીરાધિકાજી અને શ્યામજીએ ફૂલો વડે સુંદર સાંઝી પૂરી પૂજન કર્યું. ધૂપ દીપ કરી ભોગ ધર્યો. આરતી કરી. શીશ નમાવી સૌ સખીઓએ આશિષ માગ્યા. સૌને ખૂબ આનંદ થયો. સૂરદાસજીએ આ લીલાનું વર્ણન કરતાં કહ્યું:

કરસોં કર રાધા સંગ શોભિત સાંઝી ચીતી જાય ।
ખટરસકે બિંજન અરપે તબ મન અભિલાષ પૂજાય ।।૧।।
કીરતિરાની લેત બલૈયા, વિધિસોં વિનય સુનાય ।
સૂરદાસ અવિચલ યહ જોરી મુખ નિરખત ન અઘાય ।।૨।।

બીજું એક કીર્તન પણ જોઈએ.

શ્રીરાધે વૃષભાન લલી સાંઝી ભલી બન આઈ રે ।
બરન બરન ફૂલ બીનકે અપને હાથ બનાઈ રે ।।૧।।
નંદગામતે સખી ભેખ લે આયે કુંવર કન્હાઈ રે ।
પુરુષોત્તમ પ્રભુકી છબી નીરખત
નૈના અતિ સચુ પાઈરે ।।૨।।

કીર્તિજીએ સૌ સખીજનોને ભોજન કરાવી વિદાય આપી. પરંતુ શ્યામા સખીને કહે છે : બહેન, તારું ઘર બહુ દૂર છે. અત્યારે રાત્રે બહુ મોડું થયું છે. તું એકલી નંદગામ કેવી રીતે જઈશ ? તું અહીં રોકાઈ જા. સવારે જજે. મારી દીકરીને પણ તારી સાથે ફાવી ગયું છે. તે પણ ખુશ થશે. ઠાકોરજીને એટલું જ જોઈતુ હતું. આપ ત્યાં રોકાઈ ગયા. આનંદમાં રાત્રિ પસાર કરી સવારે નંદગામ પધાર્યા. જશોદાજીએ પુછયુ "લાલા! તું આખી રાજા ક્યાં ગયો હતો. પ્રભુએ બહાનું બનાવ્યું. શ્રી દ્વારકેશજી મહારાજ આ લીલાના દર્શન કરતાં વર્ણન કરે છે.

જસુમતિ પૂછત રાત કહાં રહે, લાલન કહી બનાય,
દૌરી ગૈયા ગયો તાપાછે, ગોવર્ધન લિયો બુલાય
આછે ફલ લીયે મોહિ ખવાયે, સોય રહ્યો તા પાસ
દ્વારકેશ પ્રભુકી બતિયા સુનિ જસુમતિ આયો હાસ,

ચતુર્થકુમાર શ્રી ગોકુલનાથની કૃત રહસ્ય લીલામાં સાંઝીની સુંદર ભાવના પ્રગટ કરી છે. જે 'માલણલીલા' કહેવાય છે.

સુકામેવાની સાંઝી

શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

એક સમયે શ્રી સ્વામિનીજી અચાનક શ્રી ચંદ્રાવલીજીને ત્યાં જઈ ચઢયાં. તે વખતે ચંદ્રાવલીજી સાંઝી પૂરતાં હતાં. શ્રીસ્વામિનીજીએ પૂછયું, “બ્હેન! આ તમે શું કરો છો?” ચંદ્રાવલીજીએ શ્રીસ્વામિનીજી સામે જોયું અને બોલ્યાં “પ્યારી બ્હેન! હું સાંઝી પૂરૂં છું. આ સાંઝી પૂરીને તેની પૂજા કરીશ અને તેને ભોગ ધરીશ. આ વ્રત આપણા માટે ઉત્તમ છે, “બ્હેન!” શ્રીસ્વામિનીજી બોલ્યાં! “બ્હેન, મને એ કહેશો કે આ વ્રત કરવાથી લાભ શું થાય? શું ફળ મળે?” ચંદ્રાવલીજીએ ઉત્તર આપ્યો, “અરે બ્હેન! આ વ્રત કરવાથી સારૂં ઘર મળે, ડાહ્યો સસરો મળે, ડાહી સાસુ મળે, મનગમતો પતિ મળે, ધન મળે અને ગૃહસ્થીના બધાજ સુખ મળે. અને વિશેષમાં એ કે પતિ આપણા કહ્યામાં જ રહે.” આ સાંભળીને શ્રીસ્વામિનીજીને હસવું આવ્યું. ચંદ્રાવલીજી બોલ્યા “અરે બ્હેન! હસવાની વાત નથી આ સાચું છે. શાસ્ત્રોમાં લખ્યું છે.” શ્રીસ્વામિનીજી બોલ્યા, “વાહ બ્હેન! તો કેવું ઉત્તમ વ્રત કહેવાય! હું પણ મારા માતાની રજા લઈ આ વ્રત કરીશ.” “હા બ્હેન! જરૂર કરો.” ચંદ્રાવલીજીએ વાતને ટેકો આપ્યો.

શ્રીસ્વામિનીજી ત્યાંથી પાછા ફર્યા અને પોતાને ઘેર આવ્યાં. કીર્તિમાતાને બધી વાત કરી. માતાજી પણ સ્નેહ અને વાત્સલ્ય સભર છે એટલે પ્રેમથી આજ્ઞા આપી “ભલે વ્રત કરો... બેટા!”

શ્રીસ્વામિનીજીએ બીજે દિવસે પોતાની બધીજ સખીઓને બોલાવી અને આ વ્રતની વાત બધાને સમજાવી. દરેક સખીઓએ તે વ્રત કરવા નક્કી કર્યું. પ્રથમ બધી જ સખીઓ ગાતી ગાતી આનંદ કરતી શ્રીયમુનાજીમાં સ્નાન કરવા ચાલી. શ્રીયમુનાજીમાં સ્નાન કરીને કેટલીક સખીઓ ફૂલ વીણવા ચાલી અને શ્રીસ્વામિનીજી ઘેર પધાર્યા.

સખીઓ ફૂલ વીણીને આવતી હતી ત્યાં માર્ગમાં શ્રીઠાકોરજી મળ્યા. તેમણે ચંદ્રાવલીજીને પૂછયું “અરે સખીઓ! તમે બધી ક્યાં ગઈ હતી? આ શું લઈને આવો છો?” ચંદ્રાવલીજી સ્મિત કરીને બોલ્યાં “શ્યામસુંદર! આ તો ફૂલ છે. અમે સર્વે સખીઓએ સાંઝીનું વ્રત કર્યું છે. તેના પૂજન માટે આ ફૂલ લઈ જઈએ છીએ. શ્રીરાધાજી પણ આ વ્રત કરવાના છે. શ્રીઠાકોરજીએ પૂછયું “તમારા આ વ્રતનો આનંદ માણવા હું આવી શકું?” ચંદ્રાવલીજી બોલ્યા “મહારાજ! ક્ષમા કરજો, પણ આ વ્રતમાં કોઈ પુરૂષ હોય નહીં! આ વ્રતમાં ફક્ત સખીઓ જ હોય! આટલું કહી ચંદ્રાવલીજી ત્યાંથી ચાલી ગયાં.

શ્રીઠાકોરજી વાતને સમજી ગયા કે ચંદ્રાવલીજીએ આવવાની ના નથી કહી પણ આવવું હોય તો સ્ત્રી રૂપે આવવું એમ નક્કી કર્યું છે.

આ વિચાર કરીને પ્રભુએ એક સુંદર નવલ કિશોરીનું રૂપ ધર્યું. સોળે શણગાર સજી

મોતીની સાંઝી



શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

લીધા. પોતાની સાથે એક મોટા ટોપલામાં ફુલના સોળે શણગાર સિદ્ધ કરી, તે ગોઠવ્યા અને રેશમી વસ્ત્રથી ઢાંકીને માથે ટોપલો ધર્યો, આમ માલણનો વેશ ધરીને આપ બરસાના પધાર્યા. બરસાનાની ગલી ગલીમાં લાંબા સ્વરથી બોલતા ચાલ્યા જાયછે, "કોઈ ફુલ લ્યો... ફુલ કે શણગાર લ્યો... મેરે ફુલ અનોખે હૈ... શણગાર અનોખે હૈ... કોઈ રસિક યે લ્હાવો લ્યો..."

પોતાને કોઈ ઓળખી ન જાય તે માટે લાંબો ઘૂમટો પણ તાણ્યો છે અને સુંદર રાગથી બોલતા બોલતા માલણ વેશે પ્રભુ શ્રીરાધાજીની પૌરમાં પધાર્યા.

પ્રભુનો મીઠો સાદ સાંભળીને શ્રીરાધાજીએ એક સખીને કહ્યું. "અરી...જા... જો તો ખરી કે કોણ ફુલ લઈને વેચવા આવ્યું છે ? એનો રાગ, સ્વર તો ખૂબજ સુંદર લાગે છે ?" લલિતાજી બહાર આવીને જુએ છે તો એક અનોખી માલણને જોઈ. લલિતાજી બોલ્યા, "હે માલણ ! આમ તો આવો, અમારા સ્વામિનીજી તમારા ફુલ તથા શણગાર બધું જ ખરીદી લેશે. તેમને પાસે ચાલો." "અરે બ્હેન ! આ ગામમાં કોઈ ફુલનું કે ફુલના શણગારનું રસિક છે જ નહીં. મારૂં એક પણ ફૂલ વેચાણું નથી. આજે મારો બધો જ દિવસ નકામો ગયો છે. હવે તમારા સ્વામિનીજી શું લેવાના હતાં ? સમય થોડો છે અને ગામ દૂર છે એટલે હું તો હવે પાછી જાઉં છું." લલીતાજીએ વિનવણી કરતાં કહ્યું: "હે સુંદર માલણ ! તમારા આખા દિવસનો શ્રમ હમણાં જ સફળ થશે. મારા સ્વામિનીજી ફુલના શણગારના ખુબ જ રસિક છે. તમારા બધા જ શણગાર લઈ લેશે. માટે કહું છું તમે મારા સ્વામિનીજી પાસે જરૂર ચાલો. હું જ તમારા બધા જ શણગાર ખપાવી દઈશ. કહો, મને શું આપશો ?" પ્રભુ બોલ્યા "તમે માંગશો તે આપીશ."

ચૌદ લોકના સર્જનહાર અને પાલનહાર પ્રભુ પાસે માગતાં શું ન મળે ?

લલિતાજી આગળ અને પાછળ માલણ વેષે પ્રભુ ચાલ્યા. શ્રીરાધાજી એક સુંદર આસન પર બીરાજ્યા છે તેમની સમક્ષ માલણ વેષે પ્રભુ હાજર થયા.

શ્રીરાધાજી પૂછે છે "હે માલણ ! તમારૂં નામ શું છે ? ક્યા ગામમાં રહો છો ? તમારા માતા પિતા કોણ છે ? ખરેખર તમારા જેવી સુંદર માલણ હજુ સુધી મેં ક્યાંય પણ દીઠી નથી."

માલણ વેષે શ્રીઠાકોરજી બોલ્યા: "મારૂં નામ શ્યામા છે. હું નંદગામમાં રહું છું. મારી માતા ભક્તિ છે ને પિતાનું નામ પરમાનંદ માલી છે."

નંદગામની માલણ જાણી શ્રીરાધાજીને ખુબ જ આનંદ થયો. પછી એક સુંદર રેશમી વસ્ત્ર બીછાવ્યું તે પર બધા જ શણગાર હારબંધ સુંદર રીતે ધરી દીધા. રાધાજી શણગાર જોઈને ખુબ ખુશ થયા. એક એકથી ઉમદા શણગાર ગુંથેલા છે !

"હે બ્હેન ! આ શણગાર તમે જાતે જ ગુંથ્યા છે કે બીજા કોઈએ ?

"મેં જ ગુંથ્યા છે... તમારે જે લેવા હોય તે લઈ લ્યો જલદીથી... મારે ઘેર જવાનું મોડું થાય છે. મારી સાસુ તેમજ મારા પતિ મોડુ થશે તો મને વઢશે ! મારે ખુબજ દૂર જવાનું છે." માલન બોલ્યાં.

"અલી બ્હેન ! હવે તો આજની રાત અહીં જ રહી જાઓ. તમારા બધા જ શણગાર મેં લઈ લીધા તેના બદલામાં તમારે ફરી ફૂલ વેચવા જવાની જરૂર નથી એટલું અઢળક તમને હું દ્રવ્ય આપું છું માટે નીરાંતે બેસો. આજની રાત અહીં જ રહો, મોડું થયું છે તેથી સવારે જજો." શ્રીરાધાજીએ પ્રેમપૂર્વક આગ્રહ કર્યો.

"ના બ્હેન ના...! આ તો તમારા ગુણગાન બહુ દિવસથી સાંભળતી હતી તેથી તમારા દર્શન માટે જ અહીં સુધી ફુલ વેચવા નિમિતે આવી છું. મારે કંઈ પૈસા જોઈતા નથી. હું તો તમારા પ્રેમની ભુખી છું. તમારો પ્રેમ જ મને અહીં લઈ આવ્યો છે. બાકી મારા ઘરવાળાની રજા વગર મારાથી રાત તો ન જ રોકાવાય !" માલણ બોલ્યાં.

"અરે માલણ ! ઘેર ઘેર ફુલ વેચે છે... અને એમ પણ કહે છે કે પૈસાની જરૂર નથી એ વાત કેમ બને ?" ચંદ્રાવલીજી બોલ્યાં.

આ વાત ચાલતી હતી ત્યાં કીર્તિજી પધાર્યા. તેમણે પુછયું "હે રાધા ! આ માલણ કોણ છે અને ક્યાંથી આવી છે ?"

"મૈયા ! આ માલણ નંદગામની છે. જુઓને કેવા સુંદર શણગાર બનાવીને લાવી છે ? એને આજની રાત અહીં રોકાવા કહું છું તો ના પાડે છે. તમે જ જરા સમજાવોને !

"માલણ ! જુઓ, તમે એક તો નંદગામના રાજા નંદરાયની માલણ, અમે તમને એમ થોડા જવા દઈશું ? આજે તમારે અમારા મહેમાન થવાનું છે." એટલું કહી કીર્તિજી ચાલી ગયાં.

"જુઓ માલણ બ્હેન ! હવે તમે નહીં જ જઈ શકશો. કારણ રાણીજીની આજ્ઞા માનવી જ પડશે." રાધાજી બોલ્યાં.

"ભલે બ્હેન ! મારે ઘરવાળાનો ઠપકો સાંભળવો પડશે પણ રાણીજીની આજ્ઞાનું પાલન કર્યા વગર તો નહીં જ ચાલે."

"માલણ બ્હેન ! તમને શણગાર કરતાં આવડે છે ? રાધાજીએ પુછયું. માલણ બોલ્યા, "અરે, તમે જુઓ તો ખરાં, સરસ શણગાર કરી દઈશ." માલણ બોલ્યાં.

રાધાજીએ વળી પૂછયું: "તમને સાંઝી પૂરતાં આવડે છે ? "હા... હા... સરસ સાંઝી પુરી આપું." માલણે ઉત્તર આપ્યો.





રંગની સાંઝીના બીબા







રંગની સાંઝીના બીબા

"પહેલાં તમને શણગાર કરી દઉં." શ્રીઠાકોરજી બોલ્યા અને એક ઓરડામાં રાધાજી, લલીતા સહિત બીરાજ્યાં અને રાધાજીને એવા તો સુંદર શણગાર કર્યા કે રાધાજી પ્રસન્ન થઈ ગયાં.

ત્યારબાદ ભીંતને ચંદનના ગારાથી લીંપીને તૈયાર કરી. તેના ઉપર માલણવેષ શ્રીઠાકોરજીએ સુંદર ફૂલો ગુંથીને આકર્ષક અને શ્રેષ્ઠ સાંજી પૂરી દીધી.

શ્રીરાધાજી તથા તેમની સખીઓએ સાંઝીનું પૂજન કર્યું અને ભોગ ધર્યો. થોડીવાર પછી તે પ્રસાદ બધાને આપ્યો. આમ સાંઝીનું વ્રત અને પૂજન કરી તેનો આનંદ લઈ સર્વે સખીજનો પોતપોતાને ઘરે ગયાં. લલીતાજી, શ્રીરાધાજી અને માલણ આ ત્રણ રહ્યાં.

એક ઓરડામાં ત્રણે માટે સુંદર શય્યા તૈયાર કરાવી. વચ્ચે માલણ, એક બાજુ લલીતાજી અને બીજી બાજુ શ્રીરાધાજી એમ ત્રણે પોઢયાં. શ્રીરાધાજી બોલ્યાં "અરી લલીતા! ઉંઘ આવતી નથી કોઈ વાર્તા કરો. સ્વામિનીજી! તમે જ કહો, મને શું આવડે ?" લલીતાજી બોલ્યાં.

આ વાર્તાલાપ ચાલતો હતો ત્યાં સખીભેખ શ્રીઠાકોરજી બોલ્યાં, "હું વાર્તા કહું ? પણ હું જે પૂછું તેનો ઉત્તર આપવો પડશે," "એ તો આવડશે તો આપીશું." રાધાજી બોલ્યાં. શ્રીઠાકોરજીએ એક ઉખાણું પૂછયું.

છ પગ, દો મુખ, તીન નેત્ર હૈ, જાકો જીભ જ એક
તે જીવ કોન જાનીએ, બોલો સુજાન ધરી ટેક

સ્વામિનીજીએ ઘણો વિચાર કર્યો પણ ઉત્તર ન મળ્યો એટલે કહ્યું "બ્હેન! તમે જ કહો, અમને તો કંઈ ગમ નથી." શ્રીઠાકોરજી કહે: "હાર્યા એમ કહો તો હું જવાબ દઉં." રાધાજીએ વિચાર કર્યો. હાર્યા એમ કહીએ તો આબરૂ જાય! વિચારમાં પડયાં ત્યાં માલણે કહ્યું "કાં તો હાર કબુલ કરો, કે ઉત્તર આપો..." છેવટે રાધાજીએ હાર કબુલ કરી એટલે માલણ બોલ્યા. દેડકા પર બેઠેલા શુક્રાચાર્યજી. વળી બીજો ઉખાણો પૂછયો.

પેટ ચીરીને જળમાં રહ્યો, હલકું તેનું નામ
લક્ષ્મી જેની બ્હેન છે, બોલો સુંદર વામ ?

રાધાજીએ બહું વિચાર કર્યો પણ તેનો ય ઉત્તર ન મળ્યો. છેવટે બીજી વખત પણ હાર કબુલ કરી એટલે માલણે (શ્રીઠાકોરજી) જવાબ આપ્યો. તેનું નામ છે. "શંખ"

હવે માલણ વેષ પ્રભુથી વધારે ગુપ્ત રહી શકાયું નહીં. રાધાજીને ભેટવાની ઉત્કંઠા વધતાં વિરહ વેદનાથી બેશુદ્ધ થઈ શૈયામાંથી નીચે પડી ગયા. આ જોઈ રાધાજી ગભરાયાં અને બોલી ઉઠયાં, "અરી લલિતા, ઉઠ... જરા જો તો, આ માલણને એકાએક શું થઈ ગયું ?" લલીતાજીએ માલણનું શરીર તપાસવા હાથ ફેરવ્યો ત્યાં છાતીમાં કંઈક દેખાયું. લલીતાજી બોલી ઉઠયાં, "અરે... સ્વામિનીજી, જુઓ તો ખરા, આ શું છે ?" રાધાજીએ ઉઠીને તપાસ કરી તો ચોળીમાંથી વેણું મળી. બન્નેને ખાતરી થઈ કે આ માલણ નથી પણ માલણનું રૂપ ધરી શ્રીઠાકોરજી પોતે જ પધાર્યા છે. તુરત જ પ્રભુને શય્યામાં પોઢાડયા અને સારવાર ચાલુ કરી. આ જોઈને રાધાજી તો એકદમ રડવા લાગ્યાં કે પ્રભુને મારે માટે આટલો શ્રમ લેવો પડયો ? થોડીવારે શ્રીઠાકોરજી શુદ્ધિમાં આવ્યા કે તરત રાધાજી ભેટી પડયાં અને ક્ષમા માંગવા લાગ્યાં, "પ્રભુ, મારે માટે આપને આટલો બધો પરિશ્રમ લેવો પડયો. હે નાથ! આપ આટલો બધો પરિશ્રમ શું કામ લ્યો છો ?" શ્રીઠાકોરજી કહે, "શું કરૂં ? તમારી સખી ચંદ્રાવલીએ આ સાંઝીના ખેલમાં પુરૂષને આવવા માટે ના પાડી એટલે મારે માલણ બનીને આવવું પડયું. વળી તમે મારા વિના સાંઝીનું પૂજન પણ કેવી રીતે કરો ? તે માટે જ હું આવ્યો."

ભક્તેચ્છાપૂરક અંતર્યામી પુષ્ટિ પુરૂષોત્તમની લીલા કેવી વિરૂદ્ધધર્માશ્રયી છે ? જ્યાં પ્રભુ ભક્તની ઈચ્છાને જાણે અને પોતાના ધર્મ અને સામર્થ્યનો ત્યાગ કરી ભક્તને વશ થઈ એની અલૌકિક કામનાઓ પૂર્ણ કરે અને અલૌકિક સુખનું દાન કરે તે જ પુષ્ટિમાર્ગ...

શ્રીઠાકોરજીએ તે રાત્રે અનેક સ્વરૂપ ધર્યા અને જે જે ગોપીજનોની જેવી ભાવના તે પ્રમાણે દરેક ગોપીને ત્યાં પધારી પોતાના આનંદ સ્વરૂપથી આનંદ રસનું પાન કરાવ્યું અને પોતે પણ કર્યું. સવારે નંદગામ જવા નીકળ્યા.

અહીં જશોદાજીને પણ આખી રાત વિરહ દશામાં પસાર થઈ, કે લાલન ક્યાં રોકાઈ ગયા હશે ? એ જ વિચારમાં વિરહ રહ્યો. સવારે માતા જશોદા લાલાને શોધવા નીકળ્યાં, ત્યાં સામેથી જ શ્યામ સુંદરને આવતા જોયા. પ્રેમથી ગોદમાં લઈ ચુંબન કર્યું અને પ્રેમથી પ્રભુને પૂછયું, "હે લાલા, આખી રાત ક્યાં રોકાયો ?"

પ્રભુએ જવાબ આપ્યો, "અરી મૈયા! એક ગાય ગિરિરાજ તરફ ગઈ તેને શોધતાં ખુબ જ મોડું થયું એટલે ગિરિરાજના આગ્રહથી હું ત્યાં જ રાત રોકાઈ ગયો. મૈયા! તમારે મારી ચિન્તા કરવાની નહીં. હું હવે મોટો થયો ગયો છું અને નંદબાવાના રાજ્યમાં કોઈને કશી જ ફીકર કરવાની હોય નહીં." ઠાકોરજીના વચનામૃતમાં એટલી મીઠાશ કે જશોદાજી બધું જ ભૂલી ગયાં.

શ્રી હરિરાયજી મહાપ્રભુજીએ સાંઝીની ભાવના નીચે પ્રમાણ સમજાવી છે. પુષ્ટિમાર્ગમાં સાંઝી ચાર પ્રકારની થાય છે. ને ચાર યૂથોના સ્વામિનીઓના ભાવથી થાય છે.



રંગની સાંઝીના બીબા



રંગની સાંઝીના બીબા

(૧) ફૂલની સાંઝી : અનેક પ્રકારના રંગબેરંગી ફૂલોથી સાંઝી સજાવાય છે. ત્યાં પ્રભુ બિરાજે છે. આ સાંઝી શ્રી સ્વામિનીજીના ભાવથી રચાય છે. ફૂલો ઉપરાંત હવે સૂકા મેવા, લીલા મેવા, અનાજ કઠોર, મોતી, વિગેરે વિવિધ પ્રકારની સાંઝી સજાવાય છે.

(૨) કેળના પત્તાની સાંઝી : આ સાંઝીનો વિશિષ્ઠ પ્રકાર છે. નાથદ્વારમાં શ્રાધ્ધપક્ષમાં શયનના દર્શન પછી કમલચોકમાં અંદર જવાના હાથીઓવાળા દરવાજા પાસે આ સાંઝી સજાવાય છે. કેળના પાના કાપી વિવિધ આકારો બનાવી પાણી છાંટી, એના પર ચીપકાવી વ્રજયાત્રાની ઝાંખી કરાવાય છે. ચોર્યાસી કોસની વ્રજયાત્રાની લીલા કલાત્મક રીતે રચાય છે, આમાં વ્રજના સ્થળો અને લીલાઓ દર્શાવાય છે. આ સાંઝી શ્રી ચંદ્રાવલિજીની ભાવનાથી રચાય છે.

મોટે ભાગે શ્રીનાથજી જનાર વૈષ્ણવોને આ સાંઝી પૂરાય છે એનો ખ્યાલ નથી હોતો એવા અમારો અનુભવ છે. શયનના દર્શન કરી વૈષ્ણવા ચાલ્યા જાય છે. આ સાંઝીના દર્શનનો કરવાનું ચૂકશો નહિ. આ સાંઝીના કેટલાક ચિત્રજી આ પુસ્તિકામાં પ્રગટ કરવામાં આવ્યા છે.

શ્રીનાથજીમાં ભરાની કેળના પાનની સાંઝીતી ક્રમ

ભાદરવા સૂદ પુનમ	વિશ્રામઘાટ
ભાદરવા વદ એકમ	મધુવન - તાલવાન
ભાદરવા વદ બીજ	બહુલાવન - શાંતનુકુંડ
ભાદરવા વદ તીજ	કુમુદવન
ભાદરવા વદ ચોથ	કૃષ્ણકુંડ - રાધાકુંડ
ભાદરવા વદ પાંચમ	દાનઘાટી
ભાદરવા વદ છઠ	કુસુમ સરોવર, ચંદ્રસરોવર રાસ
ભાદરવા વદ સાતમ	ગિરિરાજજી - ગુલાલકુંડ
ભાદરવા વદ આઠમ	ભોજનથાળી - ચરણપહાડી
ભાદરવા વદ નોમ	નંદગામ-બરસાના
ભાદરવા વદ દશમ	કરેલાવન - કોકિલવન
ભાદરવા વદ અગિયારસ	લાલબાગ (નાથદ્વારા)
ભાદરવા વદ બારસ	ચિરઘાટ
ભાદરવા વદ તેરસ	વૃંદાવન - શેષસાઈ
ભાદરવા વદ ચૌદસ	શ્રીદાઉજી - ગોકુલ
ભાદરવા વદ અમાસ	કોટની સાંઝી

રંગોની સાંઝી : સામાન્ય રીતે નિત્યક્રમમાં પૂરાતી આ સાંઝી પાટ કે ચોકી પર સફેદ કાપડ જડી, સાંઝીના બીબાથી વિવિધ રંગોથી પૂરવામાં આવે છે. આમાં વ્રજલીલા દર્શાવાય છે. આ સાંઝી કુમારિકાઓની ભાવનાથી થાય છે. સામાન્ય રીતે રંગની આ સાંઝી નીચે મુજબ પૂરાય છે.

હવેલીઓમાં પાટપર બીબાથી પુરાની રંગની સાંઝીનો ક્રમ

ભા. સુદી - ૧૫	વિશ્રામ ઘાટ, શ્રી યમુનાજી-પગથીયા, ઝાડ, બેઠક વગેરે
ભા.વદી - ૧	મધુવન - કૃષ્ણે દૈત્યને માર્યો, ગૌચારણ લીલા, છાક, દાઉજીનું મંદિર શ્રી મહાપ્રભુજીની બેઠક-ઝાડ, વાંદરા તાલવન-તાડના ઝાડનુ વન, દાઉજીએ અસુરોને માર્યા-ગ્વાલ બાલ કુમુદવન - શ્રી ઠાકોરજી અને રાધાજી, બે કુંડ-બેઠક-છાક ગીરીરાજજી
ભા.વદી - ૨	શાન્તનું કુંડ - કુંડ, મંદિર, ચોતરો, ગાય, બેઠક, સાથીયો બહુલા વન - ગાય, કુંડ, પુતના વધ, મંદિર બેઠક, સિંહ તથા ગાય સામ સામે ઉભેલા છાપવા તથા વૃક્ષ, દાઉજીનો કુંડ, ગીરીરાજજી પર્વત
ભા.વદી - ૩	શ્રી રાધા કૃષ્ણ કુંડ - શ્રીજીના ચરણ ચિન્હ, શ્રી ગીરીરાજજી સન્મુખ સામગ્રી ભોગ ધરાય તે રીતે-કુંડ - બે થી ૪ બંગલા-ગોપ-ગાય, બેઠક-૩ કુસુમ સરોવર - પથ્થરની છત્રી - ફૂલવાળા ઝાડ, વૃક્ષ, જાુલો - ચોતરા કુંડ - મંદિર (રત્ન સિંહાસન) પથ્થર શીલા રત્ન રૂપે, ગીરીરાજજી-કંદબ વૃક્ષ
ભા.વદી - ૪	માનસી ગંગા-કુંડ, બંગલા, શ્રીનાથજી બેઠક, મહાદેવજીનું મંદિર, શ્રીજીના પાંચ સ્વરુપો
ભા.વદી - ૫	શ્રી માનસી ગંગા ઉપર મેળો - અને ફક્ત કુંડ ચંદ્ર સરોવર - રાસ મંડલી - શ્રી યમુનાજી, ચંદ્ર વિગેરે, શ્રીનાથજી કુંડ - બેઠક શ્રી ગીરીરાજ ધારણ કરી ઈન્દ્રમાન ભંગ-વૃક્ષ ભકતો, વૃજની રક્ષા કરી અને મંદિર વિગેરે.
ભા.વદી - ૬	ગોવિંદ કુંડ - દાઉજીનું મંદિર, કુંડ, બેઠક, વાંદરા, વૃક્ષ વગેરે
ભા. વદી - ૭	શ્રી ગીરીરાજજી - સુરભી કુંડ, બેઠક, છાક, વૃક્ષો જાન અંજાન વૃક્ષો - ચોતરો, વૃજ ભક્તો, કુંડ લાલ પાણીનો

	(ગુલાલ કુંડ) વૃક્ષ, વાંદરા - શ્રીજીના હસ્ત દર્શન - બેઠક, દંડવતી શીલા, સઘન કંદરા
ભા. વદી - ૮	શ્રી ગીરીરાજજી-કુંડ, વૃક્ષ, વાંદરા, મંદિર, બેઠક, ગામ રૂપમાં બંગલા કરવા, શ્રી ગીરીરાજજી સન્મુખ કુંનવારો એટલે ભોગ ધરવાના છાપા ચીતરવા કુંડ વિગેરે (ડીંગ ગાય) દાઉજી મંદિર (પરમંદરા ગામ)
	કામવન - વિમળ કુંડ, વૃક્ષ, ગીરીરાજજી મંદિર, વાંદરા, બેઠક, ચરણ પહાડી-ગીરીરાજ ઉપર શીલા ઉપર ચરણ ચિન્હ, આંખ મીચોણી કુંડ, પક્ષી વિગેરે, મોરકળાવાળો થાંભલો - સામે કૃષ્ણનું છાપુ, કૃષ્ણની બન્ને બાજુ રાધાજી
ભા.વદી - ૯	સુરભી કુંડ - સુર્ય, વરાહ ભગવાન, મંદિર, દેવીનું મંદિર, કુંડ વિગેરે, બેઠકજી સંધ્યા વંદન કરતા શ્રી મહાપ્રભુજી દાઉજી મહારાજના ચરણ ચિન્હ, ડાબા હસ્તના તથા ડાબા ચરણના
ભા.વદી - ૧૦	ભોજનથાળી, થાળી, વાટકી, જારી, છાકલીલા, વૃક્ષ નીચે વેણુનાદ, કુંડ, પથ્થરો, મહાદેવજી
	કદંબ ખંડી - હીન્ડોળા, બેઠક
ભા. વદી - ૯	બરસાના-ડુંગર ઉપર મંદિર, બેઠક, કુંડ, આઠ સખીના આઠ મંદિર, સાંકરી ખોર -દાન, પીરી પોખર-સ્વામીનીજીની બેઠક, જમનાજીમાં નાવ, હીન્ડોળો અને લગ્ન
	નંદગામ, પાનસરોવર, ટેર કદંબ વૃક્ષ, નંદરાયજીનું મંદિર, ઉધ્ધવ કયારી કુંડ, બેઠક
ભા. વદી - ૧૩	સાંજીની લીલા-બગીચો, વૃક્ષ, વાંદરા, પક્ષી, સખી શ્રીનાથજી, સ્વામીનીજી કરહલ્લા બેઠક, માલા, રાસ
ભા. વદી - ૧૪	કોકીલા વન-૩ થી ૪ કુંડ, વૃક્ષ, પક્ષી, કોટ વન, ચમેલી વન, હીંડોળા, યમુનાજી, ચીર ઘાટ, નાગ દમન, બેઠક સુવર્ણ થાંભલો, માનસરોવર, લોહવન, શ્રીદાઉજી
ભા.વદી ૦॥	શ્રી ગોકુળ મંદિરો, નંદ યશોદાજી, વિગેરે બેઠક

જલની સાંઝી : સાંઝીનો આ વિશિષ્ઠ પ્રકાર છે. મોટી કથરોટ કે ચોરસ પતરામાં તળીયે ઘી કે તેલ ચોપડી, એના પર બીબાથી રંગની સાંઝી પાડવામાં આવે છે. પછી કથરોટ કે પતરું ઉધું કરી વધારાનો રંગ ખંખેરી નાખવામાં આવે છે. ચીકાશપર રંગ ચોટી જાય છે, એના પર ધીરે ધીરે જલ ભરવામાં આવે છે. એટલે જલની નીચે સાંઝીના દર્શન થાય છે. સામાન્ય રીતે નાગદમનની લીલાની સાંઝી પૂરાય છે. આ જલની નીચેની સાંઝી છે. જલ ઉપર પણ સાંઝી પાડવામાં આવે છે. કથરોટ કે ચોરસ પતરામાં પાણી ભરવામાં આવે છે. પછી એમાં આડાશ મૂકી પાણીના બે ભાગ પાડવામાં આવે છે. મોટા ભાગના પાણી ઉપર શંખજીરુ ભભરાવવામાં આવે છે. એનું પાતળું પર જામી જાય એટલે એના પર નાગદમણની લીલાની સાંઝી પાડવામાં આવે છે. આ સાંઝી શ્રી યમુનાજીના ભાવથી રચાય છે.

નિ.લી. ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રીએ પોતાનાં વચનામૃતમાં સાંઝીની "ભાવના સમજાવી છે." શાસ્ત્રમાં પૃથ્વી પરિક્રમાનું મોટું ફળ લખ્યું છે. માટે શ્રી મહાપ્રભુજીએ ત્રણવાર પૃથ્વી પરિક્રમા કરી છે. તેમ કરવાથી બધા તીર્થોની યાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે. બીજા યુગોમાં આયુષ્યબલ વધારે હતું. પરંતુ કલિયુગમાં તે ઓછું છે. ઉપરાંત ક્યાં સુધી આયુષ્ય ટકશે તેના કોઈ નિયમ નથી. મોટા બેઠા હોય અને નાના ચાલ્યા જાય. માટે આ પૃથ્વી પરિક્રમા કરવી માટે ભાગે રહી જાય છે. તેમાં બીજા તો હજી કહી શકે, પણ કુમારિકાઓ માટે ઘણુ મુશ્કેલ છે. માટે તેઓ ભાદરવા માસમાં વ્રત કરી સાંઝી ભરે અને તે સાંઝીની પ્રદક્ષિણા કરે એટલે પૃથ્વી પરિક્રમાનું ફળ મળે. આ રિવાજ દક્ષિણ, મારવાડ અને વ્રજમાં વિશેષ છે. બાર મુખ્ય તીર્થ છે, તેમાં નાના તીર્થ સમાવિષ્ટ થઈ જાય છે. બધા તીર્થોની ભાવનાનુ જ્ઞાન ન હોય, તે બધાની યાત્રા કરવાનું સામર્થ્ય ન હોય માટે સાંઝી. "તેથી બધી યાત્રા કરવાનું ફળ મળે છે."

અમાસને દિવસે કોટની સાંઝી પુરાય છે. શ્રીનાથજીમાં કમલચોકમાં રંગબેરંગી કાગળ અને પિક્ચરપાનના કાગળના હાથી, ઘોડા, ગાય, બળદ, બેંડવાળા, ચોકીદાર, કોટ વિગેરે બનાવવામાં આવે છે અને લગભગ અડધાથી પોણાભાગના ચોકમાં પાણી છાંટી ચીપકાવવામાં આવે છે. આ સાંઝીના દર્શન કરવા જેવા છે નિ.લી.ગો શ્રી રણછોડલાલજી મહારાજશ્રીએ પોતાના વચનામૃતમાં સમજાવ્યું છે કે "કોટની સાંઝી તૈયાર કરવામાં આવે છે, તે વિરાટ સ્વરુપના ભાવથી છે. તેમાં સાત સ્વર્ગ, સૂર્ય, ચંદ્ર, ભૂમંડળ, પર્વતો, નદીઓ, સમુદ્રો, પશુ, પક્ષી, મીન, નર, નારી, કલ્પવૃક્ષ, કામધેનુ વિગેરે ચીતરાય છે. જે કોટને ભોગ ધરે છે તેની આસપાસ કુમારિકાઓ બેસે છે અને મંગલગીત ગાય છે, તેની પરિક્રમા કરે છે, દંડવત કરે છે, આનંદ માને છે. આ લૌકિક અને અલૌકિક ભાવના છે." આ પુસ્તિકામાં અમે શ્રીનાથમાં ભરાતી કોટની સાંઝીનું રંગીત ચિત્રજી પ્રગટ કર્યું છે.

સાંજી

- જયંતભાઈ દેસાઈ, દાહોદ

સાંજી - સાંજે સંધ્યાસમયે વિવિધ પ્રકારની ચિત્રકળા દ્વારા ગોપિજનોથી અભિવ્યક્ત થતા ભગવદ્લીલાના ભાવને આપણે સાંજી કહીએ છીએ. પ્રભુ સન્મુખ આ ચિત્રકળા નાથદ્વારામાં ભાદરવા સુ.૧૫ થી, જ્યારે મોટા ભાગના મંદિરોમાં ભાદરવા વ.૧ થી અંગિકાર કરાવાય છે. શ્યામજી અને ગોપીજનો દ્વારા સિદ્ધ થતી અને પ્રભુને ગૌધુલી સમયે અંગિકાર કરાવાતી સાંજી :

મૃગમદ ચંદન કેસરસોં, શ્યામજુ લીપી ભીંત
કામધેનું કે ગોબરસો, રચિ સાંગી ફુલન ચિત...

❖ ❖ ❖

કેસર ચંદન ઔર અરગજા, મૃગમદ કુમકુમ ગાર
કામધેનુકો ગોબર લેકે, સાંઝી ધરત સંવાર...

❖ ❖ ❖

ભીંતિ લીપી ચંદનસોં છીરકી, સાંઝી ધરત બનાય...

ના પ્રકારમાંથી હવે મંદિરોમાં - ભગવદ્ધામોમાં સાંજી અંગિકાર કરાવાય છે તે વિવિધ રંગો વડે (ગૌગોબરથી લીંપેલી ભીંત ઉપર) ચિતરવામાં આવે છે અને તે ભગવદલીલાનું અંકન હોઈ સ્વરૂપાત્મક ગણી સાકર, શેરડી, વિ.નો ભોગ ધરવામાં આવે છે, જ્યારે કેટલેક સ્થળે તે પાટ ઉપર, વસ્ત્ર ઉપર, યા થાળમાં કે સીધી જમીન પર ચિતરવામાં આવે છે. આ પ્રકારની સાંજી ૧. ફુલથી, ૨. કેળના પાન ઉપર કોતરણીથી, ૩. સફેદ કપડા ઉપર રંગથી, ૪. જળ ઉપર યા જળ નીચે થાળમાં વિવિધ રંગથી અથવા વિવિધ પ્રકારના અનાજથી શ્રી સ્વામિનિજી, ચંદ્રાવલીજી, વજલલનાઓ અને યમુનાજીના ભાવથી અંગિકાર કરાવાય છે. શ્રી સ્વામિનિજી સાંજીના અંકન માટે ફુલ વિણવા માટે સખીઓ સાથે વનમાં પધારતા ત્યારે વનવાસીઓ દ્વારા વનદેવી તરીકે ઓળખાતા અને તેમના ભાવથી વજના ૧૨ વનના પ્રકારે તિથિક્રમ અનુસાર ભાદરવા વ.૧ રોજ મધુવન-તાલવન, બીજે - કુમુદવન, બહુલાવન, ત્રીજે - સાંતનકુંડ, ચોથે - ચંદ્રસરોવર; પાંચમે - દાનઘાટી-ગોવર્ધન; છઠે - કામવન, ચોર્યાસી ખંભ, સાતમે - નંદગામ, બરસાના મહેલ, આઠમે - કોટવન; નોમે - પ્રેમસરોવર, છઠ્ઠીની બેઠક; દસમે - શેષસાઈ; અગિયારસે - સેરગઢ, લાલબાગ; બારસે - વૃંદાવન બેઠકજી તથા રાસસ્થળ પછી તેરસે - દાઉજી, ક્ષીરસાગર, ચૌદસે - ગોકુળ; ઠકુરાણીઘાટ અને અમાસે છેલ્લે કોટ (સમસ્ત વજની વિવિધ લીલાઓ) નું અંકન થાય છે. કેટલેક સ્થળે

રાજભોગની ઝાંખી



ભાદરવા સુદ પુનમ - સાંઝીનો પ્રારંભ

સુકામેવાની સાંઝી



શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

કોટના બદલે શ્રીજીબાબાના ચિત્રજીનું અંકન થાય અને આરતિ ઉતારાય તેથી તે કોટની આરતિ લેખાય છે.

સાંજલીલામાં વિશેષતા આણી શ્રી હરિરાયમહાપ્રભુજી, શ્રી દ્વારકેશજી વિ.એ માલણ લીલામાં વ્યક્ત કર્યું છે કે,

લાલ કહે અબ હમ ઘર જૈયે, મૈયા જાનત જાય;
યોં કહી આવત જસુમતિ દેખે, રૂખે ભયે લજાય.

જસુમતિ પૂછત રાત કહાં રહે, લાલન કહી બનાય;
દૌરી ગૈયા, ગયો તા પાછે, ગોવર્ધન લીયો બુલાય.

આછે ફલ લીયે મોહિ ખવાયે, સોય રહ્યો તા પાસ;
દ્વારકેશ પ્રભુકી બતિયાં સુની, જસુમતિ આયો હાસ!

સારસ્વત કલ્પમાં વ્રજાંગનાઓ દ્વારા અંકન થતી સાંજી પાછળ પૌરાણિક કથા છે કે:

એક સમયે બ્રહ્માજી સાયંકાળે ધ્યાનસ્થ થયા ત્યારે ધ્યાનમાં માનસપુત્રી પ્રગટ થઈ. બ્રહ્માજીએ તે પુત્રીને આજ્ઞા કરી, તપ-તપ-તપ. આજ્ઞાપ્રમાણે તપ કરવા માટે તે પુત્રી ચંદ્રભાગ પર્વત પાસે આવેલ બૃહલ્લોહિત સરોવરના નિર્જન પ્રદેશમાં વિચરતી હતી ત્યારે શ્રી વશિષ્ઠજીનો ભેટો થયો અને ગુરૂ વશિષ્ઠજીએ તે પુત્રીને દ્વાદશાક્ષર મંત્ર ૐ નમો ભગવતે વાસુદેવાય તપ કરવા માટે આપ્યો. ખૂબ લાંબો સમય તપ થવાથી શ્રી વિષ્ણુભગવાન પ્રસન્ન થઈ ગરુડજી ઉપર ત્યાં પધાર્યા અને તે પુત્રીને વરદાન માંગવા આજ્ઞા કરી. તેથી બ્રહ્માજીની માનસપુત્રી -વનદેવીએ વરદાન માંગ્યા કે, ૧. જીવમાત્રમાં ઉત્પન્ન થતા સમયે કામવિકાર ન હોય અને ભગવદ્ અભિમુખ રહે ત્યાંસુધી કામવિકાર ન થાય. ૨. તેવા જીવનું પતિ/ પત્નિ વ્રત અખંડ રહે અને ૩. મારી (વનદેવીની) આરાધના કરવાવાળાની મનોકામના પૂર્ણ થાય. શ્રી વિષ્ણુભગવાને પ્રસન્ન થઈ આ ત્રણે વરદાન આપવા સાથે આજ્ઞા કરી કે, ચન્દ્રભાગા નદીને કિનારે મહર્ષિ મેધા જ્યાં યજ્ઞ કરે છે ત્યાં ઋષિ તમને જોય નહી તેવા રૂપે પહોંચો એટલે વનદેવીની પુત્રી રૂપે પ્રગટ થશો એટલે યજ્ઞનો પૂરોડાશ બનશો. આ પૂરોડાશને યજ્ઞના અગ્નિ સ્વરૂપ સૂર્યભગવાન સ્વીકારી સૂર્યમંડળમાં અરૂન્ધતિ રૂપે સ્થાપશે. આમ બ્રહ્માનીપુત્રી વનદેવીએ અરૂન્ધતિનું રૂપ ધારણ કર્યુ કે જેની કુંવારી કન્યાઓ આરાધના કરી વિષ્ણુ ભગવાનના દર્શન પામે છે.

સૂર્યમંડળમાં અરૂન્ધતિનો તારો સાંજે સંધ્યાસમયે જણાતો હોઈ ત્રીકાળ સંધ્યા કરનાર બ્રાહ્મણો અને કુંવારી કન્યાઓ ચૌદલોકના નાથ વિષ્ણુભગવાનની ચૌદ દિવસ સાંજે-

સંધ્યાકાળે આરાધના કરી પંદરમા દિવસે પ્રભુ પ્રાપ્ત કરે છે. આરાધનાનો આ પ્રકાર વ્રજાંગનાઓ ચૌદ દિવસ સાંજી દ્વારા વ્યક્ત કરી પંદરમા (ભાદરવા વ.૩૦ ના) દિવસે સમસ્ત વ્રજલીલા સહિત (કોટની સાંઝી દ્વારા) શ્રીજીબાવાના દર્શન કરી આરતિ કરે છે.

નંદાલયનો દરવાજો એટલે હાથી પોળ કે જ્યાં સંધ્યા સમયે વનમાંથી પ્રભુ પધારવાના છે ત્યાં ગોપિઓ :

ચિત્ર સરાહત ચિતવત મુરમુર ગોપિ બહુત સયાની,
તકીઝૂકી વે લખીવદન નિહારત, અલક સંવારત્, પલક ન મારત્;
(વા બાત) જાય ગઈ નંદરાની
પરિગયે પરદા, લલિત તિબારી, તા મધ કંચનથોર જબ આની
નંદદાસ પ્રભુ ભોજન ઘરમેં, (તબ) વ ઉરપર કર ધરી
(પ્રભુપર) ઉત તેં મુસકાની

આ સાંજી લીલાના દર્શન કરતાં કરતાં આપણા અષ્ટછાપ કિર્તનકારો અને ઘોંધી, જનભગવાન, રામરાય, આરતરામ, નાગર-નાગરીયા, ગંગાબાઈ વિ. વર્ણન કરે છે:

પુષ્ટિમાર્ગિય કિર્તન સંગ્રહ ભા.૧ (પૃ-૨૬૬)

રાગ પૂર્વી : આઈ હું અકેલી સાંઝ સાંઝકે.... કારી કામરી ઉઠાય લૈ

એક સાંજે સાંજી પૂરવા માટે ફુલ વિણવા હું એકલી વનમાં નિકળી ત્યારે ગાયોને ઘર તરફ લઈ જતો તું (કનૈયો) મળી ગયો તે સમયે અચાનક ઘનઘોર મેઘ ચઢી આવ્યો, અંધારૂં એવુ થયું કે ઘેર જવાનો રસ્તો જણાય નહી. વરસાદથી ભીંજાયેલ ચૂંદડીમાંથી રંગ શરીર પર નીતરવા લાગ્યો. આવા સમયે વિજળીનો એવો જોરથી કડાકો થયો અને હું ડરી ગઈ. હે પ્રભુ આવા વિકટ સમયે તારા બાહુપાસમાં મને કેમ સમાવી લેતો નથી. આમ તો તું બહુ સારો (દયાળુ) કહેવાય છે પછી માન શું કામ કરે છે ? (અતડો શું કામ રહે છે ?) તારી ઓઢેલી કાળી કામરમાં મને પણ ભેળી સમાવી લે.

(પૃ-૨૬૬ થી ૨૭૫) માલણ લીલા

રાગ ગૌરી : ૧) ચલ વૃષભાન સુતા નંદ .... યશોમતિ જલવાર ।૪૭।
૨) શ્રી વૃષભાન લડૈતિ .... અવલોકત સુખસાર ।૩૬।
૩) સબમિલ આઈ લાડિલી .... મન ન અઘાય ।૩૨।
૪) શ્યામ સ્નેહી ગાઈએ .... સંગમેં સિંધુ પ્રવાહ ।૫।

(પૃષ્ઠ-૨૭૫) રાગ ગૌરી-સખિયન સંગ રાધિકા .....સુખ કીયો અપાર ।૩।

સાંજી પૂજવા માટે શ્રી રાધિકાજી પોતાની સખિઓ સાથે વનમાં ફુલ વિણવા ફરી રહ્યા હતા ત્યાં એક કદમના વૃક્ષની છાયામાં પ્રભુને ઉભેલા જોયા. મનનું મોહન કરી લે

ફૂલની સાંઝી



શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

સુકામેવાની સાંઝી



શ્રી વીઠ્ઠલનાથજીનું મંદિર - પૂના

તેવા તે પ્રભુને સખિનો વેશ ધારણ કરાવી પોતાને ઘેર લઈ ગયા. માતા કિરતીજીએ પૂછ્યું કે આ વળી કોણ છે ? તો ઉત્તર આપ્યો કે આ મારી પ્રિય સખિ છે. સાંજી પૂજવાનો ખેલ પૂરો કરી શ્રી રાધિકાજી સૌ સખિઓને વિદાય કરે છે અને સખિભેખમાં તેડી લાવેલ મોહનજી સાથે (સૂરદાસજીના સ્વામિ સાથે) રાતભર સહશયનનો અપાર આનંદ માને છે.

શાબ્દિક અર્થથી લૌકિક લાગતા આ ખેલ દ્વારા શ્રી સુરદાસજી બ્રહ્મસંબંધિ જીવની સુંદર મનોદશાના દર્શન આ પદમાં કરાવે છે. સમ્યક સમર્પિત થયેલ જીવ પ્રભુની લીલાના દર્શન કરવાના (સૂમન) સારા વિચારો સાથે પોતાના સામાજીક અને દૈહિક ફૂલો રૂપી વનમાં જીવન વિતાવી રહ્યો છે ત્યાં તેને આત્મા અને પરમાત્માની સેવા દ્વારાજ સુંદર મિલન કે શ્રીઠાકોરજીના સુખ માટે સર્વોત્કૃષ્ટ ઉપાય છે તેવો વિચાર આવે છે. બસ, આજ વિચાર રાતભર તેના હૃદયમાં (તેના સામાજીક અને દૈહિક કર્મો વચ્ચે) સ્થાઈ ભાવે સચવાઈ રહે ત્યારે જીવ અપાર આનંદ પામે છે.

(પૃષ્ઠ-૨૭૬) રાગ ગૌરી : છબરીયાં બાંસકી .... કાહુ બાત અચગરી ।।૨।।

ઘોંઘી પણ આવાજ ભાવનથી આ પદમાં ભાવન કરે છે કે, સંસારરૂપી અગ્નિમાં સહેલાઈથી બળી જાય તેવી વાંસની છાબડી અર્થાત્ માનસ પટલમાં પ્રભુને મળવાના વિચારો રૂપી સુંદર ફુલો ભરેલી ભાવના ક્યારેક ક્રીયાત્મક કરવા (સેવા કરવા નિશ્ચય) કમર કસે છે તો ક્યારેક તેમાં વૈવિધ્ય લાવવા (મનોરથોનું આયોજન કરવા) હાથ બટાવે છે તો ક્યારેક મસ્તીષ્કમાં (શીશપર) તે વિચારો સ્થિર થઈ જાય છે. લૌકિકથી છુપી રાખવા પીળાપટ નીચે આચરણ કરાતી ગુહ્યસેવાથી પ્રભુ જ્યારે પ્રસન્ન થાય ત્યારે આશ્ચર્ય થાય તેવું પ્રગટ સ્વરૂપ ધારણ કરી પ્રભુ તેને બોલાવી જાય છે. (અલૌકિક લીલાના દર્શન કરાવે છે.)

(પૃષ્ઠ-૨૭૬) રાગ હમિર : પૂજન ચલીરી સાંઝી .... સખ સખિયનકે સાથ ।।૨।।

ગુહ્યસેવામાં ઉપયોગિ અનેક ઉપકરણો કામમાં લેવા-ન લેવાના અનેક ચંચળ વિચારો વચ્ચે કોક ચપળ વિચાર સ્થાઈ થઈ જાય ત્યારે પ્રસન્ન વદન ચંપા જેવું પીળું-મલકાતું થાય તે સમયજ આપણે માટે શુભઘડી, શુભદિન, શુભરાત સ્વરૂપ છે. નિત્યસેવામાં આવા અનેક વિચારો (દીપ) પ્રકાશ પાથરે ત્યારે તે પ્રત્યેક વિચારનું નિયમન - સુયોજન કરનાર પ્રભુ તેવી લીલા (સખિયો) સાથે પ્રગટ સ્વરૂપ ધારણ કરે છે.

(પૃષ્ઠ-૨૭૭) રાગ ખમાચ : સાંઝી ભલી બન .... નિરખિ સચુપાઈહૈ ।।૨।।

લેવા જેવું સર્વસ્વ છે તેવા મન રૂપી સ્વામિનિજી પ્રભુની અનેક લીલારૂપી સાંઝી સ્થિર થતાં (અપને હાથ બનાઈ રે) ડોલી ઉઠે છે. ભક્તની આવી માનસ સ્થિતિ થાય ત્યારે તેના મનમાં ઉદ્ભવેલી લીલાને અનુરૂપ સ્વરૂપ (સખિભેખ) ધારણ કરી પ્રભુ



રંગની સાંઝીના બીબા



રંગની સાંઝીના બીબા

આમ્રકૂંજ
અને સાંઝી
શ્રી દ્વારકાધીશજીની હવેલી (કાંદીવલી - ૫)

નિજપરિકર (નંદગામ) થી બહાર આવી તેના ભક્તને સાથેસાથ પ્રગટ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. (પૃષ્ઠ-૨૭૮) રાગ જંગલો : ઢોઉન ફી અંખિયા ...... નાગર સખીયાં ।૨।

નિજભક્તોની પ્રભુ પ્રત્યે દ્રષ્ટિ અનેરી હોય છે. સેવા કરતાં કરતાં જ્યારે પરસ્પર દ્રષ્ટિ એક થઈ જાય - આંખમાં આંખ પરોવાઈ જાય ત્યારે એકબીજાને પ્રભુને અને ભક્તને પરસ્પર આંખમાં નિત્યલીલાના દર્શન થાય છે. ભક્ત જેમ પ્રભુની લીલા નિહાળે છે તેમ પ્રભુ પણ ભક્તની આંખોમાં નિહાળતાં સમય મર્યાદા ભૂલી જાય છે. દિવસ પૂરો થતાં સાંજે બળિયામાં પરસ્પર ગલબાંહ ઘરી એકબીજાના ખભે હાથ ઘરી સમોવડીયા સ્વરૂપે જીવન સંધ્યા સુધી આનંદ છે.

(પૃષ્ઠ-૨૭૮) રાગ માલવ : ભેલત સાંઝી રંગ ...... વ્રજજન સુખકી ધ્યો ।૩।

નંદનંદન અને વૃષભાનનંદિની અર્થાત્ શીવ અને જીવ આમ વિવિધ લીલામાં (ખેલત) મગ્ન થઈ જાય ત્યારે (રંગ રહ્યો) આનંદની અવધિ આવે છે. બન્ને વચ્ચે અંતરપટ રહેતો નથી. અનેક પ્રકારની લીલા (ફૂલ) થી ભરેલ (ડલિયાં) છાબડીઓ વડે ચિત્ર-વિચિત્ર વ્યવહાર (સાંઝી) થાય ત્યારે પરિશ્રમ ભોગ અરોગવા માટે નવા નવા પ્રકારે વિનતિ કરે છે. ગંગાબાઈ ગાય છે કે વ્રજજન (જેમના હૃદયમાં પ્રભુ સદા વિચરે છે) તેવી રૂપ કુમારીકાઓ સમસ્ત વ્રજલીલાઓનો (કોટ) કીલ્લો મનમાં બનાવી પ્રભુ તેમાં પ્રત્યક્ષ પધારે તેવી આતુરતા સાથે (આરતિ) નીરાજન કરે છે

જીવ અને શીવ વચ્ચેના આવાં ખેલ ખેલેને કોતરેલા બિબાંથી અષ્ટસખા અને અન્ય નિજભક્તોના પટ્ટોથી માનસપટ ઉપર સાંઝી સ્વરૂપે અંકાતા હોય પણ જીવ જ્યારે તે અંકનમાં ખૂંપી જાય ત્યારે ભેદ-ભરમ મટી જાય અને જીવન સુશોભન યુક્ત સાંઝી સ્વરૂપ બની રહે. ભાવન આવું કે પ્રભુ! દ્રઢ થાઓ. આપ તેમાં સુખેથી વિચરો.

શ્રી પુષ્ટિ
પરિચય મ
વિવિધ પ્ર
પ્રગટ કર
કાપી, ઘ
આ પુ
પરિવાર)
દ્વારા પ્રક
પૂ. પ
(પૂના)માં
દ્વારકેશલા
(કાંદિવલી
અસીમ કૃ
'સાંઝી
- ૧૯૯૮
(સત્સંગ
ભગવદી
શ્રી જયંત
સાભાર પ્ર
સાંઝી
કર્યા નથી
વિનંતી છે
-સાંઝી-
સાંઝી
આવૃત્તિમ
સંપર્ક કર
અન્ય ભ
વિનંતી છે
ચિત્રજી,
જે સાં
પુસ્તિકા
વિનંતી છે